| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૦૯/૦૯/૨૦૨૩ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. (ટ્રાફીક) સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં**
**ક્રીમી. કેસ નં.-૧૪૪૨/૨૩**
**આંક -**

**ફરીયાદી** – **નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – રાહુલ ભાણજીભાઈ શીયાણી
રહે.રાજકોટ

**ગુનો – પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબ...**

**-ઃ ચુકાદો ઃ-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદામા જણાવ્યા મુજબના ગુનાઓ કરેલ હતો આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા તપાસના અંતે ત.ક.અ.એ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામા આવેલ.

(૨) આરોપી હાજર થતા તેને નકલો આપવામા આવેલ હતી, આરોપી આરોપીએ ગુનો કબુલ કરવાનુ જણાવતા આરોપીને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૩)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. પ્રોહી. ક.૬૫એએ મા ત્રણ વર્ષ સુધીની સજાની અને દંડની જોગવાઇ છે.ન્યુન્તમ દંડની પણ કોઇ જોગવાઇ નથી. જેથી ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઈ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, જુનો કેસ અને તેનો સમરી પ્રકાર જોતા તેમજ આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને યોગ્ય તે દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે . જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ, મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ઉપરોકત ગુનો કરવા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૨૫૦/– (અંકે રૂપિયા અઢી સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામા આવેલ મુદામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમો મુજબ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.**

હુકમ આજ તા. ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩
સ્થળઃ રાજકોટ.

એલ.આર. ગજજર
જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.
ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
જજ કોડ GJ01610